## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ભૂલ્યા ભૂલાશે મહિયર માળખાં,
ભૂલી જાશું મોસાળે વાટ;
ઋણ ભૂલીશું ધરતી માતાનાં,
ભૂલી જશું પોતાની જાત;
(વળી) ભૂલી જવાશે કો' અભાગિયાં,
ભૂલી જવાશે પ્રીતની રીત;
(પણ) નહીં રે ભુલાય એક આટલું,
કોક દન કરી'તી પ્રીત. '

- પન્નાલાલ પટેલ

### પાથેય

- રમેશ ઠક્કર

## પન્નાલાલ પટેલ..જન્મદિવસે સ્મરણ

વહેલી સવાર અને વરસાદી માહોલ..વાતવાતમાં વાત્રકના કાંઠે પહોંચી જવાયું..નદીને નીરખવાનો અદભુત આનંદ હોય છે..અરવલ્લીના ઉભા કાંઠે કેટલીક રમણીય નદીઓ વહે છે..મહી..હાથમતી મેશ્વો, શેઢી, માઝુમ, પાનમ, અને વાત્રક..! મને કશુંક યાદ આવી ગયું.."વાત્રકને કાંઠે.." પન્નાલાલ પટેલની વાર્તા..એ પાત્રો એ પરિવેશ અને ગ્રામ્ય ખેડુતવરણની અવનવી સૃષ્ટિ..હું વાત્રકને કાંઠે ઉભો જ રહી ગયો..

પન્નાલાલ પટેલે 'વાત્રકને કાંઠે' નવલિકા ૧૯૫૦ આસપાસ લખેલી..ત્યારે આ ઈશાનિયો મલક..રાજસ્થાન અને આદિવાસી સંસ્કૃતિ અને ગુજરાતી આવરણ સાથેનો અહીંનો વારસો...એક નવું ભાવજગત હતું..આ પ્રદેશની સુંદરતા અને પ્રસંગને અનુરૂપ જડબેસલાક રીતે કથાનો ઉઘાડ..પછી થોડુંક કુતુહલ અને વાચકને ધીમેથી એ દેહાતી દુનિયામાં કરાવાતી સહેલગાહ..એ લેખકની આગવી શૈલી છે.."સંધ્યાએ આભલાને આજ ગેરુઆ રંગે રંગી નાખી હતી..કારતક મહિનાની ટાઢને પણ આજની સંધ્યાએ ફુલગુલાબી બનાવી દીધી હતી.."

વાર્તાની નાયિકાનું નામ નવલ છે..સત્યાવીસ વરસની યુવતી..ખેતરની પેલે પાર વાત્રકના કાંઠા ઉપર સાંજના આછા અજવાસમાં કશીક ચહલપહલ જોઈ રહે છે..બે સાધુઓ એમાં એક લંગડો..ગુસપુસ કરતા નવલના ઘર તરફ આગળ વધે છે..માસા અને માસીના સહારે રહેતી નવલ આ બધું કૌતુક સમજવાની કોશિશ કરે છે..માસીને આ બાવાઓ વિચિત્ર લાગે છે..કથા રંગ પકડે છે..પન્નાલાલની સ્ટાઈલમાં...વાચક તલ્લીન થતો જાય છે.

નાયિકા નવલના માસા વાતે વળગે છે એ બંને અજાણ્યા ઓળાઓ સાથે..નવલનાં બે વખત લગ્ન થયેલાં હોય છે..પ્રથમ પતિ ઘરજમાઈ તરીકે આવ્યો હોય છે..નવલને ચાહે છે..પણ રિસાળવો નાના બાળક જેવો..! ચારપાંચ વરસના સંસાર પછી એ રિસાઈને ચાલ્યો જાય છે...આવતો જ નથી..એ નહીં જ આવે એમ માની નવલ માટે એક બીજો યુવાન ઘરજમાઈ તરીકે આવે છે..એ પણ નવલને ખરા દિલથી પ્રેમ કરે છે..પણ નવલનું સુખ લાંબુ ચાલતું નથી. ગામનો એક સુખી છતાં મવાલી માણસ નવલની છેડતી કરે છે..એનાથી વ્યથિત નવલનાં માબાપનો વિલાપ જોઈ આ બીજો પતિ એ છેડતી કરનારનું ખૂન કરી નાખે છે .અને પોલીસને થાપ આપી ભાગી જાય છે...નવલ એકલી પડી જાય છે..કેવું અદ્ભુત કથાનક..પન્નાલાલ માટે આ સહજ છે.

કથા રસપ્રદ રીતે આગળ વધે છે..આવનાર બંને સાધુઓ હકિકતમાં નવલના બંને પતિઓ છે..જે ખૂની હતો એ ભાગતાં લંગડો થયેલો છે..ધીમેધીમે વાત આગળ વધે છે. એ બંને નકકી કરીને આવ્યા હોય છે કે બેમાંથી એકે નવલને સંભાળી લેવી અને એકે પોલિસમાં સમર્પણ કરવું..

આવી ઉદાત્ત પાત્રસૃષ્ટિ આપણા માટે નવી છે..છેવટે પહેલો પતિ જે નિર્દોષ હતો એ સ્વૈચ્છિક રીતે પકડાઈ જાય છે..જેલ માટે વિદાય થાય છે..અસલી ખૂની નવલને વધારે ખુશ રાખશે એવી સંમતિ ઉપર..એ નવલ પાસે આવે છે પણ પસ્તાય છે કે નિર્દોષને અન્યાય કર્યો..છેવટે એ પણ ગૃહત્યાગ કરે છે..એને જતો જોઈ રહેતી નવલ..એ વાત્રકના કાંઠાની પેલે પાર ડુંગરીઓ વચ્ચેથી અલોપ થાય ત્યાં સુધી અનિમેષ તાકી રહે છે..! લેખક લખે છે વાત્રકને એના ડાબા કે જમણા કાંઠા માટે પક્ષપાત હોય તો નવલને પણ હોય ને !" ડુંગરી ઉતરી જતો લંગડા પતિને એ અસહાયતાથી જોઈ રહે છે..

વાર્તાનું છેલ્લું વાકય.."એક જ આશા હતી ઢોર ચરાવવા ગયેલા માસા સામે મળે ને એને સમજાવીને પાછો લાવે.."એક ઘેરા દર્દને પ્રગટાવી જાય છે..છ દાયકા પહેલાંની પન્નાલાલે જોયેલી એ સૃષ્ટિ હું વહી જતી વાત્રકના કાંઠે જોઈ રહયો હતો....

# લોન એપ્સ : આ જા ફસા જા!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

ટીવી પર લેટ નાઈટ દાઢીધારી ઈન્સાન આંખોના ડોળા કાઢી કાઢીને આપણને ચેતવણી આપતા કહે છે ને કે ' ચૈન સે સોના હૈ તો જાગ જાઈયે ' બિલકુલ એની જેમ જ એક બીજી ખૂબ જ ઉપયોગી ચેતવણી ગૂગલે આપી દીધી છે. ૩૧મી મે થી ગૂગલ પ્લેસ્ટોર પરથી ફટાફટ અને ઈન્સ્ટન્ટ લોન આપતા એવા એપ્લીકેશન્સ હટાવી દેશે કે જે ગૂગલની ફાયનાન્સિયલ પોલિસીમાં ખરા નથી ઉતરતા – અને સિરિયસ વાત એ છે કે અમુક એપ્સને બાદ કરતાં લગભગ બધા જ લોન એપ્સ આ ટેસ્ટમાં ફેલ થાય છે. વધુ ગંભીર વાત હવે છે અને એ છે કે જો તમે પણ આવું કે આવા કોઈ એપ વાપરતા હોવ તો તમારા પર્સનલ ડેટા આવા એપમાંથી ડિલીટ કરી નાખજો કેમકે પછી કહેતા નહીં કે તમારા પર્સનલ ડેટાનો મિસયૂઝ થઈ રહ્યો છે..!!! નવી ગૂગલ પોલિસીમાં હવે આવા એપ્સ યુઝર્સનું લોકેશન, ફોટા, વિડીયો, કોલ લૉગ જેવા સેન્સિટિવ ડેટા જોઈ નહીં શકે પણ જે એપ્સ ઓલરેડી આ બધુ એક્સેસ કરી ચૂક્યા છે એનું શું ? એપલના એપસ્ટોર પર આવી કડકાઈ ઘણા સમયથી છે અને યુઝર્સને એની જાણકારી એપ ડાઉનલોડ થાય એ પહેલા જ આપી દેવાય છે. જો કે ગૂગલે આવું કાઈ પહેલી વાર નથી કર્યું. આ પહેલા પણ ૨૦૨૧માં ગૂગલે પ્લેસ્ટોર પરથી આવા અનેકો ફરઝી એપ્સ હટાવેલા એટલું જ નહીં પણ ગયા વર્ષે તો આવા લગભગ ૩૫૦૦ એપ્સ પર ગૂગલે કાર્યવાહી કરેલી અને ઓલમોસ્ટ એક કરોડથી વધુના એપ્સને ઓપરેટ કરતાં લગભગ ૧.૭૫ લાખથી વધુ એકાઉન્ટને ગૂગલની ફાયનાન્સિયલ પોલિસીના ઉલ્લંઘન બદલ બંધ કરેલા. ગૂગલનું કહેવું છે કે આમ કરવાથી લગભગ ૧૭૦૦૦ કરોડથી વધુની રકમની ઠગાઈ અટકાવવામાં એને સફળતા મળેલી.

૧૭૦૦૦ કરોડ.. આંકડો વાંચીને ચોંકી ગયા ને ? પણ હકીકત એ છે કે ઈન્સ્ટન્ટ લોન આપતા આવા એપ્સની માયાજાળ આનાથી પણ વધુ ઊંડા મૂળિયાં નાખી ગયેલી છે. મનુષ્યને આર્થિક જરૂરતો કાયમી પાડવાની જ હોય છે આવામાં જો ક્યાંકથી ફટાફટ પૈસા મળી જાય અને એ પણ ઓછા ડોક્યુમેન્ટસમાં કે વધુ કોઈ માથાકૂટ કર્યા વગર તો આપણે પહેલો ચાન્સ એને જ આપીએ ને ? વિશ્વમાં અને ભારતમાં આવા ઈન્સ્ટન્ટ લોન આપતા એપ્સની ભરમાર છે. નો ડાઉટ મુસીબતના સમયે એ કદાચ આર્થિક દ્રષ્ટિએ કામમાં આવતા હશે પણ હકીકત એ છે કે પછી પાછળથી એ એવી ફાંસ બની જાય છે કે લોન લેનારને આપઘાત કરવાના વારા આવે છે અને આવા એક નહીં પણ અનેકો કેસીસ આપણે ત્યાં નોંધાયા છે અને હજુ પણ પ્રકાશમાં આવી રહ્યા છે. હજુ ગયા વર્ષની જ વાત છે કે મોદી સરકારે ડેટાચોરીના આરોપસર લગભગ ૩૦૦ ચાઈનીઝ એપને બેન કરી દીધેલી એમાં લગભગ ૧૦૦ જેટલી એપ આવી લોનની હતી. ટોટલી ચીની ભેજાની ઊપજ એવી આ એપ્સ લોકોને લોન લેવા માટે લલચાવતી અને પછી ઘણા કિસ્સામાં તો વાર્ષિક ૩૦૦૦ ટકા જેટલું વ્યાજ પણ વસૂલ કરતી. ચીન દ્વારા બનાવેલ અને પછી ભારતીયોને નોકરી પર રાખીને ચલાવાતી આ ઉઘાડી લૂંટની ખબર ત્યારે પડી જ્યારે આંધ્રા અને તેલંગાણામાં અનેકો લોકોએ આવી લોન લીધા પછી આત્મહત્યાઓ કરી લીધી.

એકવાત યાદ રહે કે આરબીઆઈ દ્વારા પ્રમાણિત બેક્સ કે ફાયનાન્સિયલ ઓર્ગેનાઈઝેશનના લોન એપ્સ કે બેક્સ ઓથોરાઈઝ્ડ એપ્સની આમાં વાત નથી થઈ રહી કેમકે આ એપ્સ ઓથોરાઈઝ્ડ છે એટલે સંપૂર્ણપણે સુરક્ષિત છે જ પણ આ એવા એપ્સની વાત થઈ રહી છે કે જેના કોઈ નામ-ઠામ કે અતાપતા સરકાર પાસે કે ક્યાંય પણ નથી. મોટાભાગે ચાઈનીઝ દ્વારા કે બેકડોર ચાયનીઝ એન્ટ્રીવાળી આ એપ્સ કોરોના વખતે લાઈમલાઈટમાં આવી. પોલીસના જણાવ્યા અનુસાર મોટાભાગના આવા એપ્સના માસ્ટરમાઈન્ડ ચીનમાં છે, તેમજ તેમની લિંક દુબઈ, હોંગકોંગ, નેપાળ અને મોરેશિયસ સાથે છે. આ લોન એપના એજન્ટો ભારતમાંથી ક્રિપ્ટોકરન્સી દ્વારા ચીન, હોંગકોંગ અને દુબઈમાં નાણાં મોકલે છે. ૨૦૧૨માં ચીનમાં શરૂ થયેલો આ ખેલ પછી ચીની સરકારની કડકાઈને કારણે કોરોનાના કપરા સમયનો લાભ લેવા ભારત બાજુ વળ્યો. કોરોનાના કપરાકાળમાં ઘણા લોકો આર્થિક મુશ્કેલીઓ સામે જઝૂમી રહ્યા હતા એવામાં આ ફટાફટ પૈસા આપતી એપ્સે પોતાની માયાજાળ બિછાવી. ઈન્સ્ટન્ટ અને ઈઝી મનીના ચક્કરમાં તેમજ બહુ જ ઓછા ડોક્યુમેન્ટ સાથે લોન આપતી આ એપ્સ એક્સેસ વખતે જ લગભગ બધી જ ડિટેલનો એક્સેસ લઈ લેતી અને પછી જો લોન ચૂકવવામાં મોડું થાય તો પેનલ્ટી પર પેનલ્ટી અને જો એમ પણ સફળતા ના મળે તો યુઝર્સના પર્સનલ ડેટાના આધારે વ્યક્તિના અન્ય કોન્ટેક્ટ્સને કોલ કરીને લોનની ભરપાઈ કરાવવા દબાણ કરવામાં આવે કે એથી પણ ગંભીર એ છે કે લોન મેળવનારાના ફોનમાંથી તેના ફોટોગ્રાફ મેળવી, તેમાં ચેડા કરીને, વ્યક્તિને બદનામ કરવાની ધમકી આપે અને આવા કેસીસમાં એપ્સના વધુ પડતા દબાણને કારણે આપઘાત કરનારાઓની સંખ્યા વધતી જાય છે. ગૂગલે મૂકેલા નિયંત્રણો પછીથી કદાચ આવા પર્સનલ ડેટાનો મિસયૂઝ ઓછો થશે પણ જે રીતે આવા લોન એપ્સ યુઝર્સને નિરાધાર કરી મૂકે છે એમાં કોઈ સુધારો થાય એવું લાગતું નથી.

મુંબઈની એક મહિલાએ આવા એપ્સથી ૫૦૦૦ની લોન લીધી જો કે એના ખાતામાં આવ્યા તો ૩૦૦૦ જ. પણ પછીથી સમયસર લોન ચૂકવવામાં મોડું થઈ જતાં એના મોરફ કરેલ નગ્ન ફોટા એના કોન્ટેક્ટ પર મોકલવામાં આવ્યા. આવું જ ઉત્તરપ્રદેશમાં પણ એક મહિલા સાથે થયેલું. આ અને આવા અસંખ્ય કિસ્સાઓ હવે રોજ અખબારમાં છપાય છે. અસલમાં આવી એપ્સ એક તો ઓછા ડોક્યુમેન્ટ્સ કે કેવાયસી વગર લોન આપે છે બીજું કે આપતી વખતે અમુક રકમ જુદી જુદી સર્વિસના નામે કાપી લે છે એટલે માંગી હોય ૬૦૦૦ની લોન તો મળે ૪૦૦૦ કે ૪૫૦૦, પણ ચુકવવાના તો ૬૦૦૦ જ..!!! આનો વ્યાજદર એટલો ઊંચો હોય કે ઘણીવાર તો આ રકમ એક વીકમાં ૫૦૦૦૦ પણ થઈ શકે છે. હવે સ્વાભાવિકપણે આટલી વધુ રકમ ચૂકવવા અસમર્થ હોવાથી શરૂ થાય છે બ્લેકમેલ ને ધાકધમકીનો ખેલ અને એનો અંત ઘણા કિસ્સામાં આવે છે આપઘાતથી..!!! હવે આવે છે અસલ સવાલ કે તો આનાથી બચવા શું કરવું ? સૌપ્રથમ તો એપલ અને ગૂગલ બંનેએ હવે અમુક અંશે પ્રતિબંધ મૂકી જ દીધા છે એવામાં આરબીઆઈ કહે છે કે લોન લેતી વખતે લોન આપનાર એપ્સની બધી જ માહિતી આરબીઆઈ ની વેબસાઈટ પર છે કે નહીં એની ખાતરી કરી લેવી. સાઈબર ભાષામાં આવા એપ્સને લેન્ડર કહે છે તો લોન લેતા પહેલા લેન્ડર વિષે માહિતી એકઠી કરી લો. બની શકે તો તરત જ લોન આપનાર આવા એપ્સથી અંતર રાખો અને વિચારો કે આ સિવાય બીજો કોઈ ઓપ્શન છે કે નહીં ? લોન લેતા પહેલા પ્રોસેસિંગ ફી અને બીજા છુપા ચાર્જિસ વિષે જાણો . ફોનમાં કોઈપણ એક્સેસ આપતા પહેલા વિચારો. ગૂગલ પોલિસી સ્પષ્ટપણે જણાવે છે કે કોઈપણ લોન એપ સાથે કેટલીક એનબીએફસી સંકળાયેલી હોવી જોઈએ કે જેને આરબીઆઈ એ આવી લોન આપવા માટે અધિકૃત કરેલ છે. જો કોઈપણ બેંક એપ સાથે જોડાયેલ નથી તો તેનાથી સાવધાન રહો. છતાં પણ જો ફ્રોડ લાગે તો પોલીસ કે આરબીઆઈને જાણ કરો કે ' સચેત ' નામની સરકારી વેબસાઈટ પર જઈને ઓનલાઈન ફરિયાદ કરી શકો છો. એકવાત યાદ રાખો કે જેન્યુન લોન એપ તમારા કોન્ટેક્ટ કે ગેલેરીનો એક્સેસ આપવાનું નથી કહેતી. સૌથી ઉત્તમ અને સલામત રસ્તો એ જ કે પૈસાની જરૂરત પડે ત્યારે બને ત્યાં સુધી અધિકૃત બેક્ર પાસેથી જ લોન લેવાનો આગ્રહ રાખો... ભલે કદાચ મોડી મળશે પણ મુસીબતોથી બચી શકશો.

- akurjt@gmail.com

# કીટીનું કટક એટલે બટક, બટક અને ચટક, ચટક...



હમજ્યા મારા ભૈ !

ભાગ્યેશ જહા

શેફાલીએ પ્રશ્ન પુછ્યો, "વોટ ઇઝ ધીસ, બટક બટક એન્ડ ધેન ચટક ચટક.. ' કૈલાશબેને કહ્યું, 'ચાલ, આજે વિદ્યાગૌરીએ આપણને પણ બોલાવ્યા છે, કીટી પાર્ટીમાં !' શેફાલીને ખબર નહોતી પડતી કે રાજી થવું કે દુઃખી થવું... એ જેને ક્યારેક ગુસ્સે થઈને બોલે છે ને 'ઇન્ડીયન લેડીઝ આર ટુ નોઇઝી..!' આજે એને જાતે જ આ વાતનો અનુભવ કરવાનો છે. કોઇ હજી આવ્યું જણાતું નથી એટલે એ તૈયાર થઈને કૈલાશબેન પાસે બેઠી છે. મંગુબેન એમના સાસુ ગુજરી ગયેલા ત્યારે પહેરેલો મરૂન રંગનો સાડલો પહેરીને નીકળ્યા છે. એને હજી સાડીને કેમ સાડલો કહેવામાં આવે છે તે સમજાતું નહોતું.. 'સાડલો એ પહેરનાર સ્ત્રીનું શૌર્ય બતાવે છે. સ્ત્રીઓને અનેક શૌર્યકથાઓ લખાઇ છે એમાં સાડલો પહેર્યાનો ઉલ્લેખ આવે છે'.. કૈલાશબેને સમજાવ્યું. મંગુબેન આવી પહોંચ્યા એટલે વાત ત્યાં અટકી ગઈ, બધા ભેગા મળીને વિદ્યાગૌરીને ત્યાં જવાના હતા.

મંગુબેને શરું કર્યું, 'આ વિદ્યાબેન ખરા છે ! આપણને બધાને બોલાવે છે પણ એમના સગાંઓને બોલાવતાં નથી...' કૈલાશે સ્પષ્ટતા કરી, જો કે એમાં એના અભિપ્રાય કરતાં અનુભવ વધારે હતો એટલે જરા જોરથી અને એક્શન સાથે બોલ્યાં, ' જુઓ, ગુજરાતી ભાષામાં સગાં અને વહાલાં એવો શબ્દ કેમ વપરાય છે, કારણ .. જે સગાં હોય છે એ વહાલાં નહી હોતાં અને જે વહાલાં હોય એ સગાં નથી હોતાં... ' કૈલાશે પોતાની વાત ચાલું રાખી કારણ શેફાલી જિજ્ઞાસાથી અને મંગુબેન રાજી થઈને સાંભળી રહ્યા હતા... મંગુબેનની આવડી મોટી સામાજિક પ્રતિષ્ઠા પણ કુટુંબમાં કે ના'તમાં જોઇએ એવી કિંમત નહીં.. જો કે મગનલાલને ખબર છે આ વાતની એટલે ના'તના ફંકશનમાં દાન કરીને આબરું મેળવી લેતા.

હવે, બધા તૈયાર થઈને ઉપડ્યા. વિદ્યાગૌરીને ત્યાં કીટીની તૈયારીઓ થતી હતી, પરંતુ વાતાવરણ એવું ઉભું થયું હતું જાણે કોઇ યુધ્ધની તૈયારીઓ થતી હોય એવું લાગતું હતું. બધા પહોંચ્યા ત્યારે વિદ્યાગૌરી સાડાત્રણ રસોયાઓને શિખામણ આપતા હતા. સાડાત્રણ એટલે એક એમની કામવાળી બાઈ શકરી, બીજી રસોયણ સામેના બંગલેથી બોલાવેલી એનું નામ વૈશાલી અને ત્રીજી પૂનમ એમની જુની સોસાયટીમાંથી બોલાવેલી અને અડધી એટલે એની બહેનપણી સરિતાના છોકરાની વહુ ફોરમ. એને અડધી ગણવી પડે એમ હતી કારણ એ એટલી બધી તાજી હતી અને એને કશું આવડતું નથી એવું એની સાસુએ તો ઠીક એની મા એ પણ વિદ્યાગૌરીને સમજાવેલું.

બધા લોકો ભાજીપાઉં બનાવવમાં મગ્ન હતા. સોસાયતીના ત્રણ જણ આવ્યા છે એવું જ્યારે કહ્યું ત્યારે વિદ્યાગૌરી એકદમ રુટિન સ્વાગત કરવા બેઠકખંડમાં આવ્યાં. એમની સરનેઇમ અજ્ઞાની હતી એવું લાગે તેવું મોં લાગતું હતું. થાકેલું અને પરાણે બધાંને બોલાવ્યા હોય એવું. કૈલાશ અને મંગુબેન સામે સાવ ચીમળાઇ ગયેલા છાપા જેવું જોઇને, શેફાલી તરફ જોયું, 'અરે વાહ ! શેફાલી !!' આ 'વાહ' એટલું બધું મીસફીટ થતું હતું તો પણ એવું લાગતું હતું કે વિદ્યાગૌરી પ્રયત્નપૂર્વક એમના ઘરના પ્રસંગને બચાવી લેવા કટિબધ્ધ હતા. કારણ કીટીમાં આ જ તો સામાજિક સત્ય હોય છે. જેના ઘેર હોય એના સિવાય બાકીના બધાને ઉત્સાહ હોય. જેના ઘેર હોય એને બહુ જ કડાકૂટ. એટલે એક સામાજિક સુધારાના ભાગ રુપે કેટલાક પ્રોગ્રેસિવ સમાજોએ આ કીટીનું કમઠાણ હોટલના બોલ રુમ કે ક્લબોના કોઇ એકાદ સાઉન્ડપ્રૂફ રૂમોમાં ગોઠવવાનું શરું કરી દીધું છે. હવે, ધીરે ધીરે વિદ્યાગૌરી રીકવર થતા હતા કારણ નાસ્તાની તમામ તૈયારીઓ પુરી થઈ ગઈ હતી. ભાજીપાઉં તૈયાર હતા,પુલાવ પણ ! ગુલાબજાંબુ બહારથી હવે આવી જશે.. વિદ્યાગૌરીએ પોતાની અનુભવકથા કહેતાં હોય એ અદાથી શેફાલીને કહ્યું.. 'શેફાલી ! અમારી બધી બહેનપણીઓ કેઝ્યુઅલી આવવાનું હોય તો યે તૈયાર થઈને એવી રીતે આવશે જાણે કેઝ્યુઅલ કપડાં પહેરીને કોઇ લગ્નમાં જવાનું હોય.. ' આ સમજાવતાં હતાં ત્યાં જ એક ઇનોવામાંથી પાંચ બહેનો ઘરમાં ઘુસી, એવી રીતે ઘુસી જાણે કોર્પોરેશનના નળમાં પાણી હમણાં જ આવ્યું હોય અને એ નળમાં પાણીનો જે ફોર્સ હોય તેવો ફોર્સ બતાવીને પોતે ખુબ જ ચપળ અને એનર્જેટિક છે એવું બતાવવા માટે ! કૈલાશે શેફાલીને એકબાજુ બોલાવી.. અને કહ્યું, આ કીતીપાર્ટીમાં બે જ વિભાગ હોય છે...બટક..બટક અને ચટક ચટક... બટક બટક એટલે ખાવાનું.. ખાવાનું.. નાના છોકરાઓની માફક, ક્યારેક યુવતીઓની માફક, ક્યારેક તોફાન-મસ્તી કરતી કોલેજગર્લ્સની જેમ.. એટલે એને અમે લોકો બટક, બટક કહીએ છીએ... જ્યારે ચટક ચટક એટલે ચેટીંગ અને ચેટીંગ જ.. અમે સ્ક્રીન ઉપર ના કરી શકીએ એટલે અહીં ચટક ચટક કરીને એટલો બધો અવાજ કરી મુકીએ તમને એવું લાગે કોઇ બહુ મોટો ટાઈપીસ્ટ જાણે સ્ક્રીન પર ટાઈપ કરી રહ્યો હોય..

બીજી સાત બહેનો આવી ગઈ હતી. બધાના રંગરુપ ઉપરથી લાગતું હતું કે એ બધી ક્યાંક નોંકરી કરતી હોવી જોઇએ અથવા તો પૈસેટકે બહુ સુખી ઘરની હોવી જોઇએ.. બધા આવતાં જ જાણે એક અવ્યવસ્થિત સભા ચાલું થઈ હોય એમ અત્યંત એગ્રેસીવ બહેને હાઉસી રમાડવાનું શરું કર્યું. નાનું ઇનામ લાગે તોયે અવાજ એવો આવે જાણે ભારત વર્લ્ડકપ જીતી ગયું હોય.. ! બીજી રમતોમાં પણ વગર કારણે જોર જોરથી બોલવાનું વધતું ગયું.. શેફાલીને એમ થયું કે એણે સાયકોલોજીમાં કોઇ ક્રેશકોર્સ કરી નાંખીને આ બાનુઓની બિહેવીયર સમજવી પડશે. .. નાસ્તામાં ત્રણ દિવસથી ભુખ્યા જનો તુટી પડે એવી તીવ્રતાથી તુટી પડ્યા ત્યારે શેફાલીને સમજાણું,, આ બટક.. બટક અને આ ચટક.. ચટક...

# જ્યારે આપણે ફરજમાં આવતું ચૂકીએ છીએ, ત્યારે કોઈ સફળતા કે સિદ્ધિ આનંદ આપી શકતી નથી



પમરાટ

મિત્તલ પટેલ

માણસ મહત્વકાંક્ષાઓની દોડમાં, પૈસા કમાવાની દોડમાં, સારું દેખાવાની દોડમાં, જ્યારે પોતાની ફરજમાં આવતી અને જેના માટે ઈશ્વરે તેમને નિમિત્ત બનાવ્યા છે એ દરેકે દરેક કર્મ તે નોકરીની જગ્યાએ હોય કે પોતાનાં માણસો માટેની હોય કે દેશ કે સમાજ માટેની, પોતાની ફરજ પ્રત્યે દુર્લભ સેવી માત્ર "સ્વકેન્દ્રીય" બની રહે છે ત્યારે તે જીવનની સૌથી મોટી સફળતા જે "સાચા આનંદપ્રાપ્તિ"નો છે "આત્મસંતોષ"નો છે, તે ચૂકી જાય છે. કદાચ એટલે જ કૃષ્ણએ અર્જુનને ગીતામાં "સ્વધર્મ"ની પ્રતીતિ કરાવવા કર્મશીલ બનવા તરફ અંગૂલી નિર્દેશન કર્યુ છે. મોટી મોટી સફળતાઓ માટે માણસ નાની-નાની જવાબદારીઓ, નૈમિતિક કર્મો, ફરજોને નજર અંદાજ કરતો કરતો, જીવનદોડમાં આગળ ધપતો જાય છે. અને એક દિવસ રઝળપાટથી થાકી, સ્થગિત થઈ પાછળ વળી જુએ છે, તો તે બધું જ જે જીવનને અર્થસભર બનાવતા ભાવ, પોતાનાઓની આત્મીયતા અને પોતાની જાતનો પોતાના પરનો વિશ્વાસ,માન, સ્વિકૃતિ બધું જ ગુમાવી ચુકેલો હોય છે. પોતાની ઓરીજનલિટી, જે દંભ, દેખાડા, બનાવટ પાછળ દટાઈ ગઈ. કર્મ સ્થળે જે કમાવાનું હતું તે નિષ્ઠા અને નૈતિકતાપૂર્વક કામ કર્યાનું ભાથુ, જે માત્ર ઢસરડો કર્યાના નિરસભાવ હેઠળ રેઢું મુકાઈ ગયું. જ્યારે માતા-પિતાને તમારી જરૂર હતી એકલતામાં ,બીમાર હતા ત્યારે, ખબર પૂછવા કે વાતો તેમની સાંભળવા સમય ના ફાળવી શક્યા અને પછી પોતે એ જ સ્થાને પહોંચીને અનુભવેલી "રિવર્સ બેક ફીલિંગ".... અને આખી જિંદગી ચુકી જવાયેલ ફરજો અને આનંદની ક્ષણો માણસને કેટ કેટલું ડંખે છે. એ બધી જ સફળતાઓના અંતમાં જ્યારે કોઈ તમારી સાથે એ સફળતાનો આનંદ વહેંચવા માટે નથી હોતું ત્યારે જ અનુભવાય છે.

અધધ.....કેટલું બધુ માણસ ગુમાવી ચૂક્યો હોય છે..!! જીવનની સાર્થકતાનું આત્મજ્ઞાન જીવનના અંતમાં જ કેમ આવતું હશે!! કોઈ સારું પુસ્તક જેટલું માર્ગદર્શિત તમને નથી કરતું તેટલું તમારા પોતિકા કર્મો તમને કરે છે. ભુલોને નજર અંદાજ કરવી કે ભૂલોને ભૂલ જ રહેવા દઈ તેના ઉપર દંભનો ડોળ ચડાવ્યા કરવો કે આત્મગ્લાનીમાં જાતને થોડી પીડા આપી યોગ્ય સમયે સમયને સાચવી લઈ જાતને સમેટી ઊભા થઈ જીવનનાં બધાં પાસાને બેલેન્સ રાખીને સાચાં અર્થમાં સાચવી લેવા આ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ યોગ્ય સમયે પસંદ કરી અનુસરી લઈએ તો સમયને સાચા અર્થમાં સાચવી લઈ શકીએ છીએ. અને જે સમયને સાચવી લે છે સમય તેને સાચવી લે છે.

**તારામાં કંઈક તૂટે તો ,**
**જાગી જજે જરૂર....!!**
**તારામાં તું ન વર્તાય,**
**તો ભૂલ પામી જજે જરૂર...!!**
**આયખું આખું વીતી જશે,**
**ખબર અંતર પૂછવામાં.**
**તું રોજ વધુ માણસ સારો બને,**
**એટલું ખમી જજે જરૂર...!!**

ઘણીવાર પૈસો, મોટી સફળતાઓ, પદ માણસને એટલું ગુરુત્વાગ્રંથિમાં લાવી દે છે કે પોતાનાઓના અશ્રુ,આજીજી પોતાનાં થકી નજીકની વ્યક્તિઓને પડતી પીડાઓ અવગણનાઓ કંઈ જ સ્પર્શતુ નથી. અંતર મઆત્માના અવાજને પણ જીવનમાં સાચાં ખોટાં નોર્મ્સ વગરના કર્મોમાં વ્યસ્ત થઈ જઈ દબાવી દેતા હોઈએ છીએ.અમુકવાર દ્વેષભાવથી પણ "તે તેનું ફોડશે" , "તે તેનાં કર્મો ભોગવશે" ,"આપણે શું?" એવાં મનના ખોટાં ભાવોને, છાવરતા વિચારોને પોષિત કરી પોતાના મનની કટૂપતાને પોષે છીએ. જે સદંતર બંધ થવું જોઈએ. "આપણે શું ?" આ વિચારે જ ઘોર ખોદી છે. તેને જે કર્યું તે ચોક્કસથી તેનું ભોગવશે. પણ તે જોવાનો કે વિચારવાનો તારો અધિકાર નથી. તારી ફરજમાં શું આવે છે. તે જ માત્ર વિચારવાનો અને વર્તવાનો અધિકાર તારો બને છે. જો તે ચૂકી ગયા તો થોડાં વર્ષ પછી તમારા માટે પણ આ જ શબ્દો પ્રયોગ યુઝ કરવામાં આવશે "આપણે શું??"

**માણસ બંધીયાર બને તે કેમ ચાલે??**
**ચણતર તો પછી...**
**પાયો જ પાયાવિહોણો હોય તે કેમ ચાલે??**
**ક્ષમતાવાન બનતાં પહેલાં**
**મતિને ચોક્કસ પૂછવું જોઈએ કે**
**જેનાં થકી આપણો સંદર્ભ છે**
**તેમાં રેઢીયારપણું કેમ ચાલે??**
**પ્રતિબિંબ રચાય છે સૌ કોઈમાં આપણું!!**
**ઇન્ટર કનેક્ટેડ છે કર્મ સાથે ફળ.**
**પોતાની ફરજો પોતાનાથી જ ન ભરપાઈ થાય તે કેમ ચાલે...??**